પેન્શનના લાભો

મૂળભૂત નગરપાલિકાઓમાંથી રુપાંતરીત ગ્રામ / નગર પંચાયતોના કર્મચારીઓને આપવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : નપમ/૨૮૯૨/૧૭૧૭/ક,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૫-૭-૧૯૯૪.

વંચાણમાં લીધા :

૧. નાણાં વિભાગનો તા.૩૧-૭-'૮૭ નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૧૮૭-જીઓઆઇ-૪૧(૧)-પી.૧.

૨. નાણાં વિભાગનો તા.૩૧-૭-'૮૭ નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૧૮૭-જીઓઆઇ-૪૧(૨)-પી.૧.

૩. નાણાં વિભાગનો તા.૩૧-૭-'૮૭ નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૧૮૭-જીઓઆઇ-૪૧(૩)-પી.૧.

૪. નાણાં વિભાગનો તા.૩૧-૭-'૮૭ નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૧૮૭-જીઓઆઇ-૪૧(૪)-પી.૧.

૫. નાણાં વિભાગનો તા.૩૧-૭-'૮૭ નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૧૮૭-જીઓઆઇ-૪૧(૫)-પી.૧.

ઠ રા વ ::

આમુખમાં દર્શાવેલા નાણાં વિભાગના તા.૩૧-૭-૧૯૮૭ ના ઠરાવોથી રાજ્ય સરકારના નિવૃત્ત / અવસાન પામેલા કર્મચારીઓને આપવામાં આવતાં પેન્શન / કુટુંબ પેન્શન તથા ગ્રેજ્યુઇટીના દરોમાં તા.૧-૧-'૮૬ થી સુધારો કરવામાં આવેલ છે. આ ઠરાવોના લાભ મૂળભૂત નગરપાલિકાઓમાંથી રુપાંતરીત ગ્રામ / નગર પંચાયતોના કર્મચારીઓને આપવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે ઉક્ત ઠરાવોનો લાભ આવી સુધરાઈમાંથી રુપાંતર પામેલી ગ્રામ / નગર પંચાયતોના કર્મચારીઓને નીચેની શરતોને આધીન રહીને આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ ઠરાવોનો લાભ રુપાંતરીત ગ્રામ / નગર પંચાયતોમાં તારીખ : ૧-૪-'૬૩ પહેલાં નિમણુંક પામેલા અને પંચાયતોને એલોકેટ થયેલા તથા તારીખ: ૧૬-૨-'૬૯ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા / અવસાન પામેલા કર્મચારીઓ તથા તા.૧-૪-'૬૩ બાદ નીમાયેલા અને તા.૧૬-૨-'૬૯ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા / અવસાન પામેલા કર્મચારીઓને મળવાપાત્ર બનશે.

(૨) સરકારી કર્મચારીઓને લગતા પેન્શનને લગતા હુકમો સરકાર બહાર પાડે તે રુપાંતરીત પંચાયતોના એલોકેટેડ થયેલા તથા તા.૧-૪-'૬૩ બાદ નિમણુંક પામેલા કર્મચારીઓને જ તે પેન્શન યોજના લાગુ પાડવાના વ્યાપની મર્યાદા ( Limited to scope of admissibility of such pension scheme )ને આધિન રહીને લાગુ પડશે.

(૩) જે નગર પંચાયતોનું સુધરાઈમાં રુપાંતર થયેલ છે તેવી પંચાયતોમાં આવા રુપાંતરની તારીખ સુધી નિવૃત્ત થયેલા / અવસાન પામેલ કર્મચારીઓને જ આ હુકમો લાગુ પડશે.

૨/-. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૬-૧૨-'૯૩ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
( મુસ્તફા પઠાણ )
નાયબ સચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ( પાંચ નકલો ).
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી-મંડળ, અમદાવાદ.

નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નાણાંકીય સલાહકારશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

સર્વે તિજોરી અધિકારીશ્રીઓ, પેટા તિજોરી અધિકારીશ્રીઓ ( ડાંગ અને ગાંધીનગર સિવાય ).

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ ( ડાંગ અને ગાંધીનગર સિવાય ).

સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ( આહવા અને ગાંધીનગર સિવાય ).

સરપંચશ્રી / અધ્યક્ષશ્રી, .................. ગ્રામ / નગર પંચાયત,
જિલ્લો : ......................

વિભાગની સર્વે શાખાઓ ( ક-શાખા સિવાય ).

સિલેક્ટ ફાઈલ.

'સ્વામી'રીટા. ૨૧૭૯૪